

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*'સત્ય'ના હત્યારા હવે 'દેશભક્ત' કક્ષામાં હશે !*
*નેતાઓ 'કટ્ટર' દેશદ્રોહીઓની રક્ષામાં હશે !*
*કરો પ્રતિક્ષા કે હિંસા લેશે સ્થાન બહાદુરીનું -*
*ને ભરશે ખપ્પર, 'લોહી' સાધ્વીની ભિક્ષામાં હશે...*
*(પ્રજ્ઞા ઠાકુરનો બફાટ)*

### હાઈકુ

*માગે સૌ હક,*
*ફર્જ બજાવ્યા વિના -*
*કોર્ટની ઢાલે...*

*બંધાવું નથી !*
*બંધારણના ખીલે -*
*પૈંધાં પશુને...*

### ચિંતન

*દાનં પ્રિયવાકસહિતં જ્ઞાનમગર્વં ક્ષમાન્વિતં શૌર્યમ્ ।*
*કિતં ત્યાગનિયુક્તં દુર્લભમેતત્ ચતુષ્ટયં લોકે ॥*

**ઉપરોક્ત શ્લોક હિતોપદેશમાંથી લેવામાં આવેલ છે.**

**દાન સાઓથે મીઠાં વચનો, જ્ઞાન સાથે ગર્વરહિત હોવું, શૌર્ય સાથે ક્ષમાનો સાથ હોય અને ધન સાથે ત્યાગ હોય, સંસારમાં આ ચાર લક્ષણો દુર્લભ છે.**

**દાન સાથે દાતાની જીભે મીઠાં વચનો હોવા જોઈએ. એ જરીતે જ્ઞાની અવસ્થા પણ અભિમાન રહિત હોવી જોઈએ. પોતે જ્ઞાની છે એવો ગર્વ જ્ઞાન સાથે જ જો સંકળાી જાય તો એ જ્ઞાનની પવિત્રતા નષ્ટ થઈ જાય છે. જ્ઞાની હળવોફુલ હોવો જોઈએ. ભારેખમ નહીં.**

**શૂરવીર માણસ સન્માન્ય તો અવશ્ય છે. પણ શૌર્ય સાથે જ એના ચિત્તમાં ક્ષમા ભાવના ન હોય તો એ શૌર્ય દુષિત થઈ જાય છે. ક્ષમાશીલ શૌર્ય જીવનમાં તેજસ્વીતા પ્રગટાવે છે. એ જ રીતે સંપત્તિ માત્રનું હોવું એ પર્યાપ્ત નથી. પ્રાપ્ત થયેલી લક્ષ્મી, સત્કાર્યો માટે વિપરીત થતી રહે તો જ એનો હેતુ સાર્થક થાય.**

### સુવિચાર

- ના ગમતા જોડે અભાવ નથી થતો અને ગમતા જોડે ભાવ નથી થતો, એનું નામ વીતરાગ - **દાદાશ્રી**
- મેં કોઈ એવી તંદુરસ્ત વ્યક્તિ જોઈ નથી કે પોતાની તંદુરસ્તીની ખૂબ ચિંતા કર્યા કરતો હોય, તેમ એવી કોઈ વ્યક્તિ જોઈ નથી કે જે સફળતા વિશે શંકા કર્યા કરતી હોય - **વનરાજ માલવી**
- માણસ જ્ઞાનની ઉપેક્ષા કરે એના કરતાં જ્ઞાનપૂર્વક ભૂલો કરે તે વધારે સારું - **પરાશર મૂનિ**
- શ્રદ્ધા જ્ઞાન આપે છે, નમ્રતા આપે છે, યોગ્યતા સ્થાન આપે છે - **એસ ભટ્ટાચાર્ય**
- સારા માણસને ક્યારેય વખાણની જરૂર નથી પડતી, કેમ કે ફુલો પર અત્તર છાંટવું પડતું નથી - **મુંબઈ સમાચાર**
- તમારા સુખની ચાવી બીજાના ગજવમાં હોતી નથી - **મોરારિ બાપુ**
- આજનું ઔષધ : દાડમનો રસ બે ચમચી, એક ચમચી મધ, ચપટી કપૂરનો પાઉડર મિક્સ કરી ખાવાથી ખાટા ઓડકાર, એસિડીટીમાં રાહત થાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ચંદ્રવદન ચીમનલાલ મહેતા બહુમુખી પ્રતિભાના માલિક હતા. તેઓ કવિ, વિવેચક, નાટ્યકાર, અનુવાદક, ઉત્તમ વક્તા અને રંગભૂમિના જાણકાર પણ હતા. એમની ખાસિયત હતી કે તેઓ સમયની પાબંદીના ગજબ આગ્રહી હતા. કોઈ કાર્યક્રમમાં તે વક્તા હોય તો સમયસર પહોંચી જાય અને જે સમય મર્યાદા એમને આપવામાં આવી હોય તેને અચૂક જાળવે. કાર્યક્રમ સમયસર જ શરૂ થાય અને પૂરો પણ થાય તેવો તેમનો આગ્રહ રહેતો. ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુક થયા અને મુંબઈના થાણા ખાતે પરિષદ ભરાઈ. પ્રમુખ તરીકેનું એમનું પ્રવચન માટે સૌને આકર્ષણ હતું. પણ મહેમાન વક્તાઓએ એટલો બધો સમય લીધો કે ચં.ચી. મહેતા પ્રમુખ હોવા છતાં એમના વ્યાખ્યાન માટે સમય બચ્યો જ નહીં. સત્ર ને અંતે જયારે તેના વ્યાખ્યાન માટે કહેવામાં આવ્યું ત્યારે સભાગૃહમાંથી લોકો વિખરાવા લાગ્યા હતા. તેમને વ્યાખ્યાન આપવાની ના પાડી દીધી. અને કહ્યું કે સોવિનીયરમાં એમનું વકતવ્ય સૌ વાંચી લેશે. પરિષદના સંમેલનમાં ખુદ પ્રમુખનું વ્યાખ્યાન રજૂ ન થયું હોય તેવી જવલ્લે જ જોવા મળતી ઘટના હતી.

# મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરે - કેન્દ્રમાં પવાર

### તંત્રીસ્થાનેથી...

મહારાષ્ટ્રના અઢારમા મુખ્યમંત્રી પદે શિવસેના સુપ્રીમો ઉદ્ધવ ઠાકરેએ શપત લીધા તે શિવસેના માટે જ નહીં, ભાજપ અને કોંગ્રેસ સહિતના તમામ રાજકીય પક્ષો માટે એક નોંધપાત્ર અને સીમાચિહ્ન રૂપ ઘટના છે. દેવેન્દ્ર ફડણવીસ અને અમિત શાહે જરાક ઢીલું મૂક્યું હોત તો યુતિ તૂટી ન હોત અને ઘીના ઠામમાં ઘી પડી રહ્યું હોત, પરંતુ એમણે શિવસેનાની માગણી સામે નમતું ન જોખ્યું એનું પરિણામ એ આવ્યું કે વૈચારિક રીતે તદ્દન સામસામે રહેલા કોંગ્રેસ-એનસીપી જેવા પક્ષો સાથે શિવસેના ગઠબંધન સાધીને સત્તા હાંસલ કરી શકી છે. અલબત્ત, એથી શિવસેનાનું પોત જરૂર પાતળું પડ્યું છે. હિંદુત્વના પ્રહરી તરીકેનો રોલ ભજવી કોંગ્રેસ સહિત તમામ સામે બેફામ વાણીવિલાસ કરવા ટેવાયેલી શિવસેના હવે સત્તા ખાતર કોંગ્રેસની શરતો પર ચાલવા તૈયાર થઈ છે ત્યારે એક તરફ સત્તાનો સાચો દોર શરદ પવાર જેવા રાજકારણના અઠંગ ખેલાડીના હાથમાં આવી ગયો છે અને બીજી તરફ કોંગ્રેસ એના કાર્યક્રમોનું અમલીકરણ શિવસેના પાસે પણ કરાવી શકે છે - એવો મેસેજ જતાં સાવ હાંસિયે ધકેલાઈ ગયેલી પાર્ટીને જીવનદાન સાંપડ્યું છે. સોનિયા-રાહુલ ભલે શપથ સમારોહથી સલામત અંતર જાળવી વેગળાં રહ્યાં હોય પરંતુ મધ્યપ્રદેશના મુખ્યમંત્રી કમલનાથે ઉદ્ધવ ઠાકરેના શપથ સમારોહમાં હાજરી આપી છે અને સમજૂતી મુજબ બે કોંગ્રેસી ધારાસભ્યોએ પણ મંત્રીપદના શપથ લીધા છે. એનસીપીને નાયબ મુખ્યમંત્રી પદ અને કોંગ્રેસને સ્પીકરપદ આપવાની ફોર્મ્યુલા ઘડાઈ છે ત્યારે છત્રપતિ શિવાજી મહારાજ હવે ફક્ત શિવસેનાના ન રહેતાં ક્યારેક એમની સેનામાં નાયક પદ સંભાળતા મરાઠાઓના વંશજ શરદ પવારનું હાલકડોલક રાજકારણ પણ પુનર્જિવિત બની ગયું છે. ભાજપ માટે લોકસભાની અકલ્પનીય જીત પછીની આ સૌથી મોટી નામોશીભરી હાર છે. ભેગા મળીને વિપક્ષો ભાજપનો ખેલ બગાડી શકે છે તે પવારની રાજકીય કુનેહને કારણે શક્ય બન્યું છે. પવાર પરિવારમાં પડેલી તિરાડ પણ સંધાઈ જશે અને કદાચ ઉદ્ધવ ઠાકરેના મુખ્યમંત્રી પદના શપથ સમારોહમાં હાજર રહેલા એમના કટ્ટર પ્રતિસ્પર્ધી અને પિતરાઈ રાજઠાકરે સાથેની ઠાકરે પરિવારની તિરાડ પણ સંધાઈ જશે. મહારાષ્ટ્રમાં દેશની આર્થિક રાજધાની આવેલી છે. મુકેશ અંબાણીને પત્ની સહિત ઉદ્ધવ ઠાકરેના શપથ સમારોહમાં હાજરી આપી તે જ શું સૂચક નથી ? હવે રાષ્ટ્રીય સ્તરે આવાં જ સમીકરણો રચાવાની શક્યતા વધી જશે, જે આગામી લોકસભાની ચૂંટણી સુધીમાં ભાજપ માટે મોટો પડકાર બની શકે છે. ખેડૂતલક્ષી કાર્યક્રમો, બુલેટ ટ્રેન જેવા ખર્ચાળ પ્રોજેક્ટ પર રોક, અને કોમન મિનિમ પ્રોગ્રામના અમલ સાથે ઉદ્ધવ ઠાકરે આ નવા પરિવર્તનના પુરોધા સાબિત થઈ શકે અને પવાર રાષ્ટ્રીય રાજકારણના ચાણક્ય તરીકે વિપક્ષી એકતાના મહાનાયક તરીકે ઊપસી આવે એવાં એંધાણ જરૂર વર્તાઈ રહ્યાં છે.

# નાભિષેકો ન સંસ્કારઃ સિંહસ્ય ક્રિયતે વને



### ડાયલોગથી દેવભાષા

ડો. જય ઓઝા

**સક્સેસ કે પીઓછે મત ભાગો, કાબિલ બનો કાબિલ**
**કામયાબી તો ચાલી ઝખ માર કે પીછે આયેગી**
**- ૩ ઈડીયટસ્**

૩ ઈડિયટનો આ ડાયલોગ તો નાના બાળકથી માંડને મોટેરાઓ સુધી દરેકના હોઠો પર રમે છે. અભિજાત જોશી અને રાજકુમાર હિરાણીના વાર્તાકથન અને સંવાદ લેખકની એક છટા એ છે કે, તેઓ ખૂબ જ ગંભીર અને તત્ત્વદર્શી વાત ખૂબ જ સચોટ રીતે સરળ ભાષામાં કરી દે છે.

આજે આપણે બધા એક ઘેટા ચાલમાં ચાલીએ છીએ, એક વ્યક્તિએ કોઈ નવી વસ્તુ શરુ કરી બધા તેની જ નકલ કરવા લાગશે, કોઈને નવો ચીલો ચાતરવો નથી, એન્જીનીયરીંગમાં બધા જાય છે, તો આપણે પમ ચાલો, સી.એ.નો ક્રેઝ વધે તો બધા તે જ લાઈન લેવા લાગશે... પોતાની આવડતથી કે પોતાની વિશિષ્ટતાને જો ઉજાગર કરીશું તો સફળતા તો સ્વયં વરમાળા પહેરાવવા આવશે... આવા જ અર્થ સામ્ય વાળું એક સુભાષિત મળી આવે છે.

***નાભિષેકો ન સંસ્કારઃ સિંહસ્ય ક્રિયતે વને ।***
***વિક્રમાર્જિતસત્ત્વસ્ય સ્વયમેવ મૃગેન્દ્રતા ॥***

સિંહને જંગલનો રાજા નિયુક્ત કરવા માટે કોઈ અભિષેક કે ઢંઢેરો પીટવામાં આવતો નથી, કોઈ સંસ્કાર કરવામાં આવતો નથી, તે પોતાના ગુણ અને પરાક્રમથી જ મૃગેન્દ્રપણું - નૃપત્વ પ્રાપ્ત કરે છે.

આજના સમયમાં જ આપણે આંધળું અનુકરણ કરવાવાળા છીએ, તેવું નથી, આપણી આવી માનસિકતા વર્ષો જૂની છે.

પોતાની આવડત અને ખૂબીને બહાર લાવીને નવો ચીલો ચાતરશું, તો આપણે સફળતાને તો ચોક્કસ પ્રાપ્ત કરીશું જ પરંતુ સાથે-સાથે માર્ગ ચીંધનાર પથદર્શક પણ બની શકીશું...

- jayuoza@gmail.com
Mo.9898046488

# વાર્તાવાચિકમ્ કાર્યક્રમ સંપન્ન્



### સાહિત્ય વૃત્ત

મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

ગુજરાતી સાહિત્ય પ્રતિષ્ઠાન દ્વારા યોજાતા સાહિત્યિક કાર્યક્રમો વાર્તા વાચિકમ્, કાવ્યપઠન, એકાંકી પઠન તથા પુસ્તકોના વિમોચન અંતર્ગત તાજેતરમાં લેખક અરુણ પરમાર લિખિત વિવેચન સંશય - 'ગદ્ય વિશ્વ'ના વિમોચન અને લોકાર્પણનો સમારોહ, હરસિદ્ધનગર - ગોપાલ ડેરીના હોલમાં, સે-૨૪ ખાતે યોજાઈ ગયો. જેમાં સમારોહની શરૂઆતમાં સંસ્થાના મંત્રી મૂળજીભાઈ પરમાર દ્વારા સ્વાગત કરી, નૂતનવર્ષની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. અરુણ પરમાર દ્વારા મહેમાનોમાં ડૉ. મોહન પરમાર, ભી.ન.વણકર, રાઘવજી માધડ, પ્રા. યશવંત વાઘેલા, ડૉ. ભરત સોલંકી, મૂળજી પરમારનું પુસ્તક પુષ્પથી સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ આ મહેમાનો દ્વારા વિવેચન સંચય 'ગદ્યવિશ્વ' નું વિમોચન અને લોકાર્પણ કરવામાં આવ્યું. ત્યારબાદ સાહિત્યકાર ભી.ન. વણકર, પુસ્તકમાં સમાવિષ્ટ, ડો.મોહન પરમાર, હિમાંશી શેલત અને મણિલાલ હ. પટેલની વાર્તાઓનું વિવેચન કરી, તેનો રસા સ્વાદ કરાવ્યો. રાઘવજી માધડે, 'વિવેચન' અંગેની અગત્યતાનો આસ્વાદ કરાવ્યો. ડૉ. ભરત સોલંકીએ પુસ્તકમાં સમાવિષ્ઠ વિવેચનની બાબતે વકતવ્ય આપ્યું. પુસ્તકના લેખક અરુણ પરમારે પ્રાસંગિક ઉદ્બોદનમાં પોતાની લેખન કેફિયત રજૂ કરી. ડૉ. મોહન પરમારે અધ્યક્ષીય પ્રવચનમાં લેખકે કરેલ વિવેચનનો ચિતાર આપ્યો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા.યશવંત વાઘેલા દ્વારા કરતા તેમણે વિવેચનના અનુભવો અને વિદેશી ભાષાના વિવેચનોની રસપ્રદ માહિતી આપી હતી. આભારવિધિ રામ સોલંકીએ કરી હતી.

- muljibhaidhadhi@gmail.com
Mo. 9824236893

# શારદીય નવરાત્રીના પવિત્ર અનુષ્ઠાનમાં : ગાંધી સ્મૃતિની મહેક



### ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

સાંદીપની ગુરુકુળ પોરબંદર તથા પૂ. ભાઈશ્રીની ઓળખ વિશ્વના કોઈપણ ખૂણે વસતા ગુજરાતીને આપવાની જરૂર નથી. જેને પણ ભાગવત સાથેનું ઓછું વધતું અનુસંધાન છે તે સાંદીપની ગુરુકુળ સાથે સહજ રીતેજ જોડાયેલો છે. શારદીય નવરાત્રીના ઉજળા તેમજ ભક્તિપૂધાન દિવસોમાં પૂ. ભાઈશ્રીના અનુષ્ઠાન તેમજ તે સાથે જોડાયેલા ભક્તિ તથા શ્રધ્ધામય ઉપક્રમોના કારણે અનેક બહારના લોકો પણ સુદામાપુરીમાં પડાવ નાખે છે. પોરબંદર તથા આસપાસના લોકોને તો 'ઘર બેઠા ગંગા' જેવો સુયોગ થવાથી તેમની તો બહોળી ઉપસ્થિતિ હોય તે સ્વાભાવિક છે નવરાત્રીના અનુષ્ઠાન જેવા ભક્તકિમય ઉપક્રમ સાથે જે તે વખતના સમયના સંદર્ભમાં કોઈક મહત્વના વિષયને જોડીને સમગ્ર ઉપક્રમને એક અનોખી ગરીમા પ્રદાન કરવાનો વિચાર વંદનીય તેમજ અભિનંદનીય છે. જેમકે ૨૦૧૯ના શારદીય નવરાત્રીના અનુષ્ઠાન સાથે મહાત્મા ગાંધીની સાર્ધ શતાબ્દીની બાબતનું સમયસરનું અનુસંધાન કરવામાં આવ્યું હતું. દરેક દિશાએથી અમને શુભ તથા મંગળમય વિચારોની પ્રાપ્તિ થાય તેવી વેદના ઋષિની ભાવનાને અનુરૂપ સાંદીપની આશ્રમનું આ સહેતુ આયોજન છે. જેમ શાસ્ત્રોના મૂળ સિધ્ધાંતો કદી કાળ બાહ્ય થતાં નથી તેજ રીતે ગાંધી વિચારના મૂલ્યો પણ શાશ્વતીને વરેલા છે. આ વાતની પ્રતિતિ હોય ત્યારેજ નવરાત્રી અનુષ્ઠાન સાથે ગાંધી જીવન તથા કાર્યોના વિભિન્ન પાસાઓની છણાવટનો કાર્યક્રમ ગોઠવવાનો વિચાર જન્મ પામ્યો હશે તેમ કહીએતો તે યથાર્થ ગણાશે. ગાંધીજીના જીવન તથા સંદેશને કેન્દ્રમાં રાખીને અલગ અલગ વક્તાઓના વકતવ્યોનું આયોજન વિચારપૂર્વકનું તેમજ હેતુપૂર્ણ હતું. જોકે દરેક દિવસે ગાંધી જીવનના સંદર્ભમાં અલગ અલગ દ્રષ્ટિકોણથી પૂ. ભાઈશ્રીનું વક્તવ્ય આ સમગ્ર આયોજનને સુવર્ણ કળશ ચઢાવે છે.

ગાંધીજીનું એક વિધાન વારંવાર સાંભળવા મળે છે. બાપુ કહેતા કે તેમણે કોઈ નવા સિધ્ધાંત કે વિચારની જગતને ભેટ ધરી નથી. જે સત્ય તેમજ અહિંસાના સિધ્ધાંતો તેમણે આચાર ધર્મના ભાગ તરીકે દ્રઢ રીતે અપનાવ્યા તે સિધ્ધાંતો આમ જુઓ તો સુસંસ્કૃત માનવજાત સાથે યુગોથી જોડાયેલા છે. શાસ્ત્રોએ ગાયું હતું : સત્યમેવ જયતે નાનૃતં. સદાકાળ સત્યનોજ જય થાય છે. અસત્યનો નહિ. ભાગવતકારે પણ 'સત્યં પરમ્ ધીમહી' ના મંત્રજાપનો ભાગવતના પ્રારંભેજ નાદ કરીને સત્યની પ્રતિષ્ઠા કરી હતી. સ્વભાષા કે સ્વબોલીમાં આ વાતનોજ પડઘો માનસમાં તુલસીદાસજીએ પાડ્યો.

ધરમ ન દુસર સત્ય સમાના
અગમ નિગમ પુરાન બખાના.

સત્યની શાશ્વત પ્રતિષ્ઠા શાસ્ત્રોએ કરી. સત્યની આવીજ પ્રતિષ્ઠા બુધ્ધ તથા મહાવીરે તેમની વાણીમાં કરી. રાજા હરિશ્ચંદ્રે સત્યની પવિત્રતા જાળવવા અમાનુષી દુઃખો સ્વેચ્છાએ ભોગવ્યા. સોક્રેટીસ – લિંકન અને ગાંધીએ સત્યના જ આવા આદી – અનાદી કાળના માહત્મ્યનું પુનઃસ્થાપન કરવાના પ્રયાસો પોતાનું જીવન સમર્પિત કરીને કર્યા. કવિ ઈન્દુલાલ ગાંધીએ મહાત્માના ભગવત જીવનને સત્યનુંજ અનાદી સ્મીત કહીને બીરદાવ્યું. કવિએ લખ્યું :

તમે હતા સત્યનું સ્મિત અનાદી
એટલી માત્ર રહી ગઈ યાદી.

સત્યના આવા અનાદી સ્વરૂપ સાથે ભાગવત ધર્મનું અનુસંધાન સ્પષ્ટ કરવાના પૂ. ભાઈશ્રી પ્રેરીત પ્રયાસો એ વર્તમાન સમયનો તકાજો છે. બાપુની સાર્ધ શતાબ્દીના ટાણે આવું આયોજન જન સમૂહને વિચારભાથું પૂરું પાડે તેવું છે. ગાંધીજીની નમ્રતા અને સત્યના આયુધો પ્રતિ જગતના અનેક વિચારકો – ચિંતકોનું ધ્યાન કેન્દ્રિત થયેલું છે. જોકે આવા આયુધોને ધારણ કરનાર પોતડીધારી ગાંધી ખુદ કરુણા તથા સત્યને પોતાના જીવન થકી પ્રગટ કરનારા હતા. કવિ ઉમાશંકર જોષીએ લખ્યું છે :


અંગો બધા સંયમથી રસેલાં
કંગાલની હાય થકી ભીંજેલાં
લંગોટીમાં કાય લઈ લપેટી
ચાલે પ્રભુ પ્રેરીત પ્રેમમૂર્તિ.

ગાંધીનું સત્ય શ્રધ્ધાના આભૂષણ થકી ઝળહળતું હતું. ગાંધીની શ્રધ્ધામાં સંશય કે કુતર્કનો અભાવ હતો. બાળક મોહનને અંધારામાં જવાનો ડર પોતાના બાળપણમાં લાગતો હતો. આ એક બાળ સહજ ભાવ છે. મોહનને આવી ગ્રંથિમાંથી છોડાવવા માટે માતૃતુલ્ય રંભા બાળક મોહનને રામનામનો મંત્ર આપે છે. રામનામના આ મંત્રમાં શ્રધ્ધા ગાંધીને જીવન પર્યંત રહે છે. દિલ્હીની એ ગોઝારી સંધ્યા કે જ્યારે આ મહાત્મા દેહ છોડે છે ત્યારે પણ રામનામનું સહજ ઉચ્ચારણ કરીને જગતને અલવિદા કરે છે. શ્રધ્ધાના આ મજબૂત તાંતણેજ ગાંધીનું જીવન ચાલે છે. ભિન્ન વિચારધારા ધરાવનારા લોકોના જીવનમાં તળમાં પડેલા સદગુણોમાં શ્રધ્ધા રાખીને ગાંધી જીવન મહોરી ઉઠ્યું છે. હિન્દુસ્તાનના કરોડો સામાન્ય માનવીઓની અપાર શક્તિમાં શ્રધ્ધા રાખીનેજ ગાંધીએ પડકારરૂપ નિર્ણયો કર્યા છે અને અભૂતપૂર્વ સફળતા મેળવી છે. ૧૯૩૦ના માર્ચ મહીનામાં જ્યારે ગાંધીએ દાંડીકૂચ પ્રારંભ કરવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો ત્યારે એક મહાસત્તા સામેનો આવો પ્રયાસ અનેક લોકોને પ્રભાવી કે અસરકારક લાગતો ન હતો. પરંતુ મહાત્માજીને પૂર્ણ શ્રધ્ધા હતી કે મીઠા પરાના અન્યાયકર્તા વેરાનો ખુલ્લો પ્રતિકાર કરીને તેઓ અગણિત સામાન્ય લોકોની મુંગી વેદનાને જગતના ચોકમાં વ્યક્ત કરી રહ્યા હતા. સામાન્ય લોકોની સમસ્યાનું સમાધાન એજ તેમને મન સ્વરાજ્ય હતું. વાઈસરોયને દાંડીકૂચનો પ્રારંભ કરતા પહેલા લખાયેલા ઐતિહાસિક પત્રમાં તેમણે સામાન્ય જનની વેદનાનેજ શબ્દદેહ આપ્યો હતો. વિશ્વની તે કાળની એક મહાસત્તા સામે એક મૂલ્યનિષ્ઠ માનવની આ જીવસટોસટની લડાઈ સામાન્ય લોકોના અભૂતપૂર્વ સમર્થન થકીજ લડવામાં આવી હતી. કાળને જગાડવાનો આ પ્રયાસ હતો. કવિ કાગ લખે છે :

આભની સામા વેર ઉપાડ્યા
નાવ્ય ઝંઝાળ્યું તૈયાર
પેરવા બાંડી પોતડી પોતે
હાથ નથી હથિયાર..
માતાજીની નોબતું વાગે
સૂતા સૌ માનવી જાગે
લીલુડાં માથડાં માગે.

ગાંધીનું સત્ય પારદર્શિતાના પાયા પર સ્થિર તથા દ્રઢ થયેલું હતું. ગાંધીવાણીના સત્યમાં શત્રુને પણ શ્રધ્ધા હતી. દક્ષિણ આફ્રિકાના તેમના નિવાસ દરમિયાન થયેલા એક સંઘર્ષના સમાધાન સ્વરૂપે તેમણે સમાધાનનો ડ્રાફ્ટ તૈયાર કર્યો હતો. કસ્તુરબા બીમાર હોવાથી જનરલ સ્મટસ આ ડ્રાફ્ટની પૂર્ણ ચકાસણી કર્યા સિવાય સંમતિની સહી કરવા દીનબંધુ એંડ્રુઝના કહેવાથી તૈયાર થયા હતા. ગાંધીના સત્યમાં આવી નિર્ભેળ પારદર્શિતાનું દર્શન વિરોધીઓને પણ થયું હતું તે જગતના સંઘર્ષોના ઈતિહાસમાં એક ભાતીગળ ઘટના છે. ગાંધીજીની જન્મભૂમિ પોરબંદરમાં પૂ. ભાઈશ્રીની નિશ્રામાં નવરાત્રી દરમિયાન યોજાયેલો આ વિશિષ્ટ ઉપક્રમ સ્મૃતિમાં દીર્ઘકાળ સુધી રહે તેવો મંગળમય છે.

# વિમાનની ભલામણ છતાં બાપુએ ત્રીજા વર્ગના ડબ્બામાં મુસાફરી કરી



### ગાંધી ૧૦૦

ડો. રાજેન્દ્ર જાની

એક નાનકડા ગામની સભામાં રાહ જોતા દેશબાંધવોને સંબોધન કરવા માટે સ્પેશિયલ ટ્રેનમાં પહોંચનાર ગાંધીજીએ જયારે ૩૦ માર્ચ ૧૯૪૭ના રોજ લોર્ડ માઉન્ટબેટનને મળા જવા માટે આગગાડીનો જ વિકલ્પ સ્વીકાર્યો. ખુદ ગર્વનર જનરલ માઉન્ટ બેટને તેમને વિમાનમાં મળવા જવા માટે સૂચવ્યું હતું. પણ બાપુએ તો વિમાનમાં જવાની જ ના પાડી દીધી. એ પછી સ્પેશિયલ ટ્રેનનું પણ તેમને માઉન્ટ બેટને સૂચવ્યું. પણ એ પણ તેમને નકારી દીધું.

આ પ્રસંગ હતો માર્ચ ૧૯૪૭માં ગાંધીજી નોઆખલીમાં ફેલાયેલી કોમી રમખામોની આગ ઠારવાના કામમાં લાગ્યા હતા ત્યારની છે. બાપુએ વિનયપૂર્વક ગર્વનરને કહ્યું કે હું ટ્રેનમાં અને એ પણ ત્રીજાવર્ગના ડબ્બામાં મુસાફરી કરીને જ દિલ્હી આવીશ. 'ટ્રેનમાં પણ હું મારું કામ સારી રીતે કરી લઉં છું એટલે હું આગગાડીમાં જ આવીશ.' આ શબ્દો તેમના હતા. આ દિવસો અસહ્ય ગરમીના હતા અને સ્ટેશને સ્ટેશને બાપુના દર્શને હજારોની મેદની ઉમટી પડે તકલીપ થાય. છતાં બાપુને તો આ તકલીફ ક્યારેક લાગી જ ન હતી. તેમની સાથે સેવા યજ્ઞમાં સામેલ મનુબેનને તેમણે ત્રીજા વર્ગનો ડબ્બો પસંદ કરવાનું કહ્યું, સાથે એમ પણ કહ્યું કે, 'જો જે, આમાં તારી ખૂબ કસોટી છે હો !'

મનુબેન વર્ણવે છે કે ખરેખર આમાં ખૂબ કસોટી હતી. એક સ્પેશિયલ પાછળ કેટલી ગાડીઓ રોકાય અને કેટલા હજારનું ખર્ચ થઈ પડે ? એ મને કેમ પોસાય ? હું તો લોભિયો રહ્યો. તેં આજે તો વધારાનું ખાનું માગ્યું, પણ સલૂન માગ્યું હોત તો તે પણ મળત; પણ એ તને શોભત કે ? એટલે તેં બીજું ખાનું લીધું, પણ તે સલૂન માગ્યા બરાબર છે. હું જાણું છું, કે આ બધું મારા ઉપરના અત્યંત પ્રેમને વશ થઈને કરે છે. હવે એનું પ્રાયશ્ચિત એ જ કે, તું બધો સામાન અહીં ખસેડી લે એન આગળનું સ્ટેશન આવે ત્યારે સ્ટેશન - માસ્ટરને મારી પાસે બોલાવજે.'

હું તો થરથર કાંપતી હતી. સામાન તો ખસેડયો, પણ મને પૂ. બાપુજીની ચિંતા થતી હતી કે હવે કેમ થશે ? ઘણી વખત આવી નાની ભૂલ ભલે ભીજાની હોય, પણ એ પોતાની જ ગણે અને એકાદ ટંક ખાવાનું પણ છોડે, એ મોટી ચિંતા હતી.

વળી ટ્રેનમાં લખવાનું, વાંચવાનું, માટી લેવાનું, કાંતરવાનું, મને ભણાવવાનું વગેરે બધું જ કામ! જેટલું ઘરમાં બેઠા કરવાનું રહે તેટલું જ ટ્રેનમાં મુસાફરીમાં પણ ચાલુ રહે !

**બાપુ ટ્રેનમાં લખવા, વાંચવા, કાંતવાનું અને ભણાવવાનું કામ પણ કરતા હતા**

અંતે સ્ટેશન આવ્યું. સ્ટેશન - માસ્તરને બોલાવ્યા. બાપુજીએ એને મારું પરાક્રમ કહ્યું કે, 'આ છોકરી મારી પૌત્રી છે, પણ બિચારી ભોળી ભલી છે. હજુ મને કદાચ સમજી નહીં હોય, તેથી જ આ બે ખાનાં પસંદ કર્યા. એમાં એનો દોષ નથી. દોષ મારો જ. મારી કેળવણી એટલી અધૂરી હશે ને? હવે મારે અને એણે બંનેએ પ્રાયશ્ચિત કરવું રહ્યું. એટલે આ ખાનું ખાલી કરી નાખ્યું છે. તેનો ઉપયોગ તમે વધારાના પેસેન્જર લટકે છે તેને માટે કરો; અને તો જ મારું દુઃખ હળવું થશે.'

મનુબેન તેમની પુસ્તિકામાં લખે છે : 'મેં સામાન તો ઓછામાં ઓછો લીધો. પણ સ્ટેશને સ્ટેશને પૂ. બાપુજીનાં દર્શનાર્થીઓની એટલી ભીડ જામશે કે ઘડીયે એમને આરામ નહીં મળે. વળી હરિજનફંડ પણ મારે ગણવું પડશે અને એ બધો અવાજ આવશે. આમ વિચારીને મેં બે ખાનાંવાળો ડબ્બો પસંદ કર્યો. એકમાં સામાન રખાવ્યો અને બીજામાં પૂ. બાપુને સૂવા બેસવાનું રાખ્યું.'

પટણાથી દિલ્હી જતી ટ્રેન સવારે ૯.૩૦ વાગ્યે ઊપડે. બાપુજી અને હું ૯.૨૫ વાગ્યે સ્ટેશને આવ્યાં. લોકોની ભીડ અસહ્ય હતી. પણ અમે ચડી ગયાં. બાપુજી તો એક એક મિનિટનો સદુપયોગ કરનારા, એટલે પાંચ મિનિટમાં હરિજનફંડ ઉઘરાવી નાખ્યું. ૯.૩૦ વાગ્યે ટ્રેન ચાલી. ગરમીના દિવસોમાં બાપુજી બપોરનું ભોજન ૧૦ વાગ્યે લેતા.

હું બીજા ખાનામાં જઈ સામાન ખોલી પૂ. બાપુજી માટે ખાવાનું તૈયાર કરવા ગઈ. થોડી વારે પૂ. બાપુજીવાળા ખાનામાં આવી. બાપુજી તો લખવામાં પડ્યા હતા. મને પૂછ્યું, 'તેમને મને બારીએથી બહાર નજર નાખી જોવાનું કહ્યું. મને પણ જરાક ભાન આવી ગયું કે કંઈક મારી ભૂલ થઈ લાગે છે. મેં બહાર જોયું તો લોકો લટકતા હતા. મને મીઠો ઠપકો મળ્યો :

'આ બીજા ખાનાનું તેં કહ્યું હતું ?'

મેં કહ્યું : 'હા, બાપુજી, હું અહીં જ કામકાજ કરું - સ્ટવ પર દૂધ ગરમ કરું, વાસણો સાફ કરું, તેથી આપને તકલીફ પડશે એમ જાણીને મેં બીજા ખાનાનું કર્યું.'

'કેવો લૂલો બચાવ છે ! આંધળો પ્રેમ તે આનું નામ. તને ખબર છે મને એરોપ્લેન ઉપરાંત સ્પેશિયલ ટ્રેનનું, તકલીફ ન પડે માટે કહેવામાં સ્ટેશન - માસ્તરે ઘણી આજીજી કરી, પણ બાપુજી ક્યાં માને તેવા હતા ? સ્ટેશન - માસ્તરે ત્યાં સુધી કહ્યું કે, 'હું એ લોકો માટે બીજો ડબ્બો જોડાવી દઉં.''

બાપુએ કહ્યું : 'બીજો ડબ્બો તો જોડવો જ જોઈએ, પણ આનો ઉપયોગ કરી લો. જે ન જોઈતું હોય છતાં વધારે મળે છે તે વાપરવું, તેમાં હિંસા છે. મળતી સગવડનો સદુપયોગ કરાવી આ છોકરીને તમે બગાડવા માગો છો ?' બિચારા સ્ટેશન-માસ્તર ઝંખવાણા પડી ગયા અને અંતે બાપુજીનું કહેવું માનવું પડ્યું.

બાપુ તો હિંદુસ્તાનના પિતા હતા. એ સગવડ ભોગવે અને એમનાં બાળકો લટકે તે એમનાથી કેમ ખમાય? એટલે લટકતા લોકોને જગ્યા મળી. અને મને જીવનમાં અમૂલ્ય પાઠ મળ્યો કે, મળતી સગવડનો ઓછામાં ઓછો ઉપયોગ કરવો. ભલે એટલો ઠપકો એ વખતે વસમો લાગતો હતો, પણ આજે જીવનમાં એની કિંમત અમૂલ્ય થઈ પડી છે. આવા ઝીણવટ ભરેલા અહિંસાપાલનથી જ એમણે પોતાનું જીવન ઘડ્યું હતું, અને એમાંથી ભલે ગમે તેટલું ઓછું હું ગ્રહણ કરી શકી; છતાં મારા જેવીને એવા ઘડતરનો લહાવો મળ્યો, જે જીવન પર્યંત મારો રહેશે, એવી લાગણી મનુબેન વ્યક્ત કરે છે.